R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 21•ISSUE: 45 DATE: 11-11-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## તામિલનાડુના મુખ્યમંત્રી વિરુધ્ધ કાર્ટુન દોરનાર ફ્રીલાન્સ કાર્ટુનિસ્ટ જી.બાલાની ધરપકડ

તામિલનાડુ પોલીસે ફ્રીલાન્સ કાર્ટુનિસ્ટ જી.બાલાની ચેન્નાઈમાં ધરપકડ કરી છે. તેમના પર તિરુનેલવેલીમાં એક પરિવારની આત્મવિલોપનના પ્રયાસના મામલે રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી પલાનીસામીની ટીકા કરતું કાર્ટુન દોરવાનો આરોપ મુકવામાં આવ્યો છે.તિરુનેલવેલીના કલેકટરે ક્રાઇમ બ્રાંચમાં આ કાર્ટુન મામલે ફરિયાદ નોધાવી હતી.કાર્ટુનિસ્ટ બાલાની ધરપકડ બાદ સોશ્યલ સાઈટસ પર તેમના સર્મથનમાં પ્રતિક્રિયાઓ થવા લાગી હતી.

તિરુનેલવેલીમાં એક શ્રમિક પી.સાકિમુથુએ તેની પત્ની અને બે બાળકો સાથે કલેકટર કચેરીની બહાર આત્મ વિલોપનનો પ્રયાસ કર્યો હતો.આ ઘટનામાં પત્ની સુબ્બુલક્ષ્મી,ચાર વર્ષની દીકરી અને ૧૮ મહિનાના દીકરાના મોત થયા હતા.તે પોતે પણ ૭૫ ટકા સુધી દાઝી ગયો હતો.એક વ્યાજખોરથી ત્રસ્ત થવાને કારણે આ પરિવારે આત્મહત્યા કરી હતી.કલેકટર ઓફિસમાં વારંવાર રજુઆત છતાં તેની મુશ્કેલીને કોઈએ ધ્યાનમાં લીધી ન હતી.આત્મવિલોપનનો પ્રયાસ કરનાર મુથુએ શાહુકાર પાસેથી ૧.૪૦ લાખની લોન લીધી હતી. અને વ્યાજ સાથે પરત ૨.૩૪ લાખ રુપીયા ચુકવી દીધા હતા.છતાં તે નાણાં માગતો હતો.આ પરિવારની મુશ્કેલી અને આત્મદાહના પ્રયાસને આવરીને જી. બાલાએ સીએમ પલાની સામીની ટીકા કરતું કાર્ટુન દોર્યુ હતું.

કાર્ટુનિસ્ટ બાલાની ધરપકડના વિરોધમાં ચેન્નાઈ પ્રેસ કલબે ચેન્નાઈમાં વિરોધ પ્રદર્શન યોજવાની જાહેરાત કરી હતી.કાર્ટુન ૨૬ ઓકટો.અપલોડ કરાયું હતું.જેને અનેક અધિકારીઓએ પણ શેર કર્યુ હતું.તેને કારણે આ કાર્ટુન ખાસુ ચર્ચાસ્પદ અને વિવાદાસ્પદ બની ગયું હતું.

અગાઉ કોલકત્તાના એક પ્રોફેસર અંબિકેશ મહાપાત્રએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી વિરોધી એક કાર્ટુન સોશિયલ નેટવર્કીંગ સાઈટ પર ફરતું કર્યુ હતું. જેના પગલે તેમની પર ટીએમસીના કાર્યકરોએ હુમલો કર્યો હતો. અને બાદમાં પોલીસે તેમની ધરપકડ પણ કરી હતી. તે અગાઉ મુંબઈના અસીમ ત્રીવેદી નામના કાર્ટુનિસ્ટ અને એક્ટિવિસ્ટના કાર્ટુનનો પણ વિવાદ થયો હતો.આજકાલ રાજકારણીઓના મગજમાં સાચી વાત જે કહેવામાં આવે છે તેને સ્વીકારવાની તૈયારી હોતી નથી.ભુતકાળમાં એટલે કે વડાપ્રધાન જવાહરલાલ નહેરુના કાર્ટુનો લક્ષ્મણે દોરેલા અને તેનો વિરોધ પ્રગટ કરવાને બદલે નહેરુજીએ તેમને અભિનંદન પાઠવેલા એ હતી રાજકારણી તરીકે તેમની મહાનતા.હવે તો રાજકારણીઓનો કે સરકારનો વિરોધ પ્રગટ કરનારાઓ સામે દુશ્મનની માફક વેર વાળવામાં આવે છે.

## બેન્કો આધાર લિંક કરાવવાના મુદ્દે ડરાવવાનું બંધ કરે : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે બેન્કો અને ટેલીકોમની સેવા આપતી કંપનીઓને સુચના આપી છે કે તેઓ ગ્રાહકોને મોકલવામાં આવતા તેમના સંદેશામાં બેન્ક ખાતાઓ અને મોબાઈલ નંબરોને જોડવાની અંતિમ તારીખ લિંક કરવાની અંતિમ તારીખ દર્શાવે.તેઓ મેસેજ મોકલીને ગ્રાહકોને ડરાવવાનું બંધ કરે.હાલમાં બેન્ક ખાતાઓ સાતે આધારને લિંક કરવાની અંતિમ તારીખ ૩૧મી ડિસેમ્બર છે. જ્યારે મોબાઈલ નંબરો માટે તે તારીખ ૬ ફેબ્રુઆરી ૨૦૧૮ નક્કી કરાઈ છે.સુપ્રીમ કોર્ટે બેન્ક ખાતાઓ અને મોબાઈલ નંબરો સાથે ૧૨ આંકડાના યુનિક બાયોમેટ્રીક આઈડેન્ટીફિકેશન નંબરને જોડવા તેમજ આધાર કાયદાની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર વચગાળાનો આદેશ જારી કર્યો ન હતો.તેણે જણાવ્યુ હતું કે આધારને લગતા તમામ મુદ્દાઓમાં નવેમ્બરના અંતિમ અઠવાડીયાથી અન્ય બેન્ચ સમક્ષ અંતિમ સુનાવણી શરુ થશે અને બેન્ચ આ મુદ્દે નક્કી કરશે.

વધુમાં કેન્દ્રે આ મુદત ૩૧ ડિસેમ્બર સુધી લંબાવી છે.પીટીશનરો વતી હાજર રહેલા વકીલોએ જસ્ટીસ એ શિકરી અને અશોક ભુષણની બેન્ચને જણાવ્યુ હતું કે જો આધાર સાથે લિંક નહી કરાય તો તેમની સેવાઓ રદ કરી દેવાશે તેવા સંદેશાઓ મોકલીને બેન્કો અને મોબાઈલ કંપનીઓ લોકોમાં ગભરાટનું વાતાવરણ ઉભુ કરી રહી છે. બેન્ચે કહ્યુ હતું કે અમે સ્પષ્ટ કરીએ છીએ કે બેન્કો અને ટેલીકોમ કંપનીઓ દ્વારા મોકલવામાં આવતાં સંદેશામાં આધાર સાથે લિંક કરવાની તેમની અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર,૨૦૧૭ અને છ ફેબ્રુઆરી ૨૦૧૮ને પણ દર્શાવવામાં આવે. કોર્ટે કેન્દ્રને ચાર અલગ અલગ અરજીઓ પર નોટીસ જારી કરી છે. અને તેમની મુખ્ય પીટીશન સાથે જોડી છ. જે બંધારણીય બેન્ચ સમક્ષ સુનાવણી માટે આવશે.

સરકારે સ્પષ્ટ કર્યુ હતું કે બેન્ક ખાતાઓને આધાર સાથે ૩૧ ડિસેમ્બર સુધી જોડવાનું ફરજયાત છે.પરંતુ આ તારીખ ૩૧ માર્ચ,૨૦૧૮ સુધી લંબાવી શકાય છે.ત્યાં સુધી કોઈનું ખાતું નિષ્ક્રીય નહીં થાય.પરંતુ નવું ખાતું ખોલવનારાઓએ આઈડી પ્રુફ તરીકે આધાર આપવા પડશે.જો કે મોબાઈલ નંબર સાથે આધારનો લિંક કરવાની છ ફેબ્રુઆરી,૨૦૧૮નીસમયમર્યાદામાં કોઈ ફેરફાર થશે નહીં.

સરકાર તરફથી એવી રજુઆત કરવામાં આવી હતી કે આવા મેસેજીસ કોઈને થતા નથી.ત્યારે સરકારની રજુઆત સામે જસ્ટીસ શિકરીએ કહ્યુ હતું કે મને પણ આવા મેસેજીસ બેન્કો અને મોબાઈલ કંપનીઓ તરફથી આવે છે.તેમણે કહ્યુ હતું કે હું મીડીયા સામે આવું કહેવા માંગતો ન હતો. પરંતુ મને મેસેજીસ મળે છે તેથી સરકારની આવા મેસેજીસ મોકલાતા નથી એવી રજુઆત સામે જસ્ટીસ શિકરીની ટિપ્પણીએ હાસ્યનું મોજુ ફરી વળ્યું હતું.

## સુપ્રીમ કોર્ટનો અપરાધી નેતાઓ માટે સ્પેશીયલ કોર્ટ રચવા નિર્દેશ



દેશના ચુંટણી પંચે કલંકિત નેતાઓને ચુંટણી લડવા પર આજીવન પ્રતિબંધની તરફદારી કરી છે.સુપ્રીમ કોર્ટે આવા કલંકિત નેતાઓ સામેના ખટલાઓ માટે વિશેષ કોર્ટેની રચના કરવા માટે કેન્દ્ર સરકારને નિર્દેશ કર્યો છે.ચુંટણી પંચે એક અરજીના અનુસંધાને થઈ રહેલી સુનાવણી દરમિયાન કહ્યુ કે કલંકિત સાંસદો અને ધારાસભ્યો પર આજીવન પ્રતિબંધ મુકવો જોઈએ.સુપ્રીમ કોર્ટે આ માટે સ્પેશીયલ કોર્ટોની રચવા કરવાનું સુચન કરીને કેન્દ્ર સરકારને છ સપ્તાહમાં જવાબ આપવા માટે નિર્દેશ કર્યો છે.આ પહેલાં કેન્દ્ર સરકારે એવી લાચારી બતાવી હતી કે તેઓ વિશેષ કોર્ટોની ચરના કરવા માટે તૈયાર છે પણ રાજયો તેમ કરતાં નથી.આ અંગે સુપ્રીમ કોર્ટે કહ્યુ કે કેન્દ્ર સરકારે સેન્ટ્રલ સ્કીમ અંતગર્ત આવી કોર્ટોની રચના કરવી જોઈએ.

સુપ્રીમ કોર્ટે અરજી પરની સુનાવણી દરમિયાન કેન્દ્રને સાંસદો અને ધારાસભ્યો સામે ચાલી રહેલા ૧૫૮૧ કેસોની વિગતો રજુ કરવાનો આદેશ પણ કર્યો છે.૨૦૧૪ની લોકસભા ચુંટણી વખતે આ તમામ લોકોએ ચુંટણી પંચમાં જમા કરાવેલા સોગંદનામામાં તેમની સામે ક્યા ક્રિમિનલ કેસો દાખલ થયેલા છે તેની વિગતો આપી છે. આ વિગતોને આધારે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર પાસે જવાબ માંગ્યો છે.કોર્ટે ૧૫૮૧ કેસો અંગે એક વર્ષની અંદર કેવી રીતે કાર્યવાહી થઈ શકે તે બતાવવા માટે પણ કેન્દ્ર સરકારને સુચના આપી છે.

જસ્ટીસ રંજન ગોગોઈ અને નવીન સિંહાની બનેલી બેન્ચે આ તમામ કેસોમાં શું કાર્યવાહી થઈ છે તેની વિગતો પણ માંગી છે.સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યુ કે રાજકારણને અપરાધમુક્ત બનાવવા માટે તે કટિબધ્ધ છે અને રાજકારણીઓ સામે જે કોઈ કેસ ચાલી રહ્યા છે તેના ઝડપી ઉકેલ માટે સ્પેશીયલ કોર્ટની રચના કરવાની તેની તૈયારી છે.ચુંટણી પંચ અને કાયદા પંચે કલંકિત રાજકારણીઓના આજીવન ચુંટણી લડવા પરના પ્રતિબંધની ભલામણનો પણ કેન્દ્ર સરકારે સ્વીકાર કર્યો હતો.

## ઉત્તરપ્રદેશની દરેક જિલ્લામાં ગૌશાળાની જાહેરાત કરતાં મુખ્યમંત્રી યોગીજી

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગીજીએ આરએસએસના હેડક્વાટર્ ખાતે વિશ્વ હિન્દુ પરિષદના એક એકમના કાર્યક્રમમાં જાહેરાત કરતાં કહ્યુ હતું કે રાજ્યના તમામ ૭૫ જિલ્લામાં ગૌશાળા સ્થાપવામાં આવશે.આ ગૌશાળાનું સંચાલન સરકાર નહીં કરે. પરંતુ સ્થાનિક સોસાયટીઓ તેનું સંચાલન કરશે.ગોહત્યા જરા પણ સાંખી નહીં લેવાય તેવો સંકેત આપતાં મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે જો કોઈ ગાયની સતાવણી પણ કરશે તો જેલમા ધકેલી દેવાશે.યોગીએ કહ્યુ કે આ ગૌશાળા બુંદેલખંડ જેવા પ્રદેશો માટે આશીવાદ રુપ બની જશે.જ્યાં પાણીનીં તંગીને કારણે તેમના ગૌચર દુધ આપતાં બંધ થાય છે.અને તેમને રઝળતાં મુકી દે છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

નોટબંધીના એક વર્ષની સમાપ્તિએ કેટલાક લોકોએ વરસી મનાવી માતમ માણ્યો અને કેટલાકે તેને ઉપલબ્ધિ ગણાવીને ઉજવણી કરી. ખેર,બેઉ પક્ષોની વાત તટસ્થ રીતે જોઇએ તો સત્ય કોની પડખે છે તેની તારવણી કરીએ તો કેટલાક મુદ્દાઓને બાદ કરતાં નફા કરતાં નુકશાનના આંકડા વધુ છે.જે ઉપલબ્ધિને માટે ગાણાં ગવાય છે તેના માટે દેશમાં ઘણી સંખ્યામાં લોકોએ જાનની કુરબાની આપી છે.ખરેખર તો તેમને નોટબંધીના શહીદ કહેવા કે નહી તેના માટે પંચની નિમણુંક કરી શકાય.

ખેર,નોટબંધીથી આતંકવાદ ખતમ થઇ જાય તેવી ગણતરીઓ ખોટી પડી છે. કાશ્મીરમાં આતંકવાદનો આંક નીચો જવાને બદલે વધ્યો છે.અને કાશ્મીરીઓમાં ભારતને દુશ્મન માનવાની ગ્રથિ કંઇક અંશે ઘર કરવા લાગી છે.આપણે તેને આપણ જો એક ભાગ માનતા હોય તો ત્યાંના લોકોમાં અન્ય ભારતીયો પ્રત્યે સુગ કે દ્વેષ ભાવના ઉભી થાય તો ત્યાં જે લોકો સત્તા પર છે તેમની કંઇક બાબત ખોટી છે જેના કારણે સમગ્ર પરિસ્થિતિનું નિર્માણ થયું છે.ગોળીથી મરનાર લોકોના કુંટુબીઓમાં વેરભાવના વધતી ચાલી છે. કાશ્મીર તમારુ છે તો ત્યાંનાલોકોમાં તમારાપણાનો ભાવ ઉભો કરવો પડશે.

રીઝર્વ બેન્કના પ્રસિધ્ધ થયેલા અહેવાલો મુજબ દેશના ચલણમાં ફરતી નાબુદ કરાયેલી નોટો પૈકી મોટાભાગની નોટો પાછી ફરી છે તો કાળુ નાણું ક્યાં છે તે એક સવાલ ઉભો થાય છે.

## મંતવ્ય

તાજેતરમાં કેરળની જનયાત્રા વખતે તેમાં જોડાયેલા યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કેરળમાં છેલ્લા કેટલાક સમયથી ભાજપ અને સંઘના કાર્યકરોની થઇ રહેલી હત્યા બાબતે જણાવ્યુ હતું ક લોકશાહીમાં હિંસાને સ્થાન નથી. ભાજપે આ રાજકીય હત્યાઓના વિરોધમાં જનસુરક્ષા યાત્રાનું આયોજન કર્યું છે. કેરળમાં સીપીઆઇ-એમ સરકાર આ હત્યાઓ સામે આંખમિચામણા કરે છે.

ભાજપના નેતાઓ અને યોગીજીને કેરળમાં ભાજપ કે સંઘના કાર્યકરોની થઇ રહેલી હત્યા બાબતે જે આક્રોશ છે તેની સામે દેશની જનતાનો પણ આક્રોશ છે.તમારા જ સંગઠનો ગૌરક્ષાને નામે કે ધર્માંતરણના નામે અનેક નિર્દોષ લોકોની હત્યા કરી નાંખી છે ત્યારે તમને લોકશાહી કેમ યાદ આવતી નથી.ભાજપ સત્તા સ્થાને આવ્યા બાદ દેશમાં આવી હત્યાઓનો સિલસિલો વધ્યો છે જે આંકડાઓ પરથી સાબિત થાય છે.ત્યારે આવા મગરના આંસુ શારવાનો કોઇ અર્થ ખરો.ખાટલે ક્યાં ખોડ છે તે ભાજપના નેતાઓએ શોધી કાઢવાની જરુર છે.અને જ્યારે કોઇ તેમની ખોટી બાબતો માટે તેમને પડકારે ત્યારે તેમની લોકશાહી,નિતિમત્તા વિગેરે બાબતો યાદ આવે છે.કેરળમાં થતી હત્યાઓ પાછળ ત્યાંનું કોમવાદી રાજકારણ અગત્યનો ભાગ ભજવે છે.

મનોજભાઇ કે. પરમાર


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૯,૨૫૩૮૩૩૨૨


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# અમેરીકાના વહીવટી તંત્રએ એચ-૧-બી અને એલ-૧ વિઝા રિન્યુઅલને અઘરૂ બનાવ્યું

ભારતીય આઇટી પ્રોફેશનલ્સમાં આમ તો એચ-૧બી અને એલ-૧ જેના નન ઇમીગ્રન્ટ વિઝા લોકપ્રિય છે.પરંતુ અમેરિકી વહીવટી તંત્રે તેના રિન્યુઅલની પ્રક્રિયાને વધુ મુશ્કેલ બનાવી દીધી છે.વહીવટીતંત્રએ જણાવ્યુ છે કે વિઝા મુદત વધારવા અરજી કરનારા અરજદારોએ પુરાવા રજુ કરવાના બોજનું વહન કરવું પડશે.પોતાની ૧૩ વર્ષ જુની નીતિમાં સુધારા કરતાં અમેરિકી સીટીઝન્સ એન્ડ ઇમીગ્રેશન સર્વિસે જણાવ્યુ છે કે અરજદારે જ પુરાવા રજુ કરીને વિઝા માટે પોતાની યોગ્યતા સાબિત કરવાની રહેશે. ૨૩ એપ્રિલ ૨૦૦૪ના જાહેરનામાંમાં યોગ્ય સાબિત કરવાની જવાબદારી ફેડરલ એજન્સીને શીરે હતી.હવે ૨૩ ઓક્ટો.માં બહાર પાડેલા નવા જાહેરનામામાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે નન-ઇમીગ્રન્ટસ વિઝાની મુદત વધારવાની હોય તેવા કિસ્સામાં યોગ્યતા પુરવાર કરતાં પુરાવા રજુ કરવાની જવાબદારી અરજદારની રહેશે.પુર્વે એકવાર વ્યક્તિ એચ-૧બી કે એલ-૧ વિઝા પ્રાપ્ત કરવા યોગ્ય સાબિત થયા પછી વિઝા મુદત વધારવા અરજદાર આપોઆપ યોગ્ય મનાતી હતી.

પરંતુ હવે વિઝા મુદત વધારવાની અરજદારે ફેડરલ સત્તાવાળાઓ સમક્ષ તે પુરવાર કરવું પડશે કે તેઓ વિઝા માટે હજુપણ યોગ્ય છે.અમેરિકન ઇમીગ્રેશન લોયર એસોસિયેશનના પ્રમુખ વિલિયમ સ્ટોકે જણાવ્યુ હતું કે માત્ર નવા વિઝા અરજદાર જ નહી પણ દેશમાં વસી રહેલા અને મુદત વધારવા અરજી કરનારા અરજદારો સહિતના તમામ કિસ્સામાં આ નિયમ લાગુ પડશે.અરજદારે તેમણે જે લાભ મેળવવા અરજી કરી હોય તેની યોગ્યતા પુરવાર કરતા પુરાવા રજુ કરવા પડશે.યોગ્યતા પુરવાર કરવાની જવાબદારી અરજદારને શીરે રહેશે.

# આધારથી સરકારને ૯ અબજ ડોલરની બચત : નંદન નિલેકની

આધાર કાર્ડ યોજનાના શિલ્પી ગણાતા નંદન નિલેકનીએ કહ્યુ છે કે આધારને કારણે સરકારને નવ અબજ ડોલરની બચત થઇ છે.કારણ કે તેને કારણે ખોટી રીતે વિવિધ સરકારી યોજનાઓનો લાભ લેનારા લોકોની બાદબાકી થઇ ગઇ છે.

નિલેકનીએ કહ્યુ કે અગાઉની યુપીએ સરકારે રજુ કરેલી આધાર યોજનાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્તમાન સરકાર અને નાણાંમંત્રી અરુણ જેટલીએ ઉત્સાહપુર્વક સમર્થન કર્યુ છે.અને આ યોજનાને આગળ ધપાવી છે.

ડીજીટલ ઇકોનોમી ફોર ડેવલપમેન્ટ વિષય પર વર્લ્ડ બેન્કની પેનલમાં ભાગ લેતાં નલેકનીએ કહયુ હતું કે યોગ્ય ડીજીટલ ઇન્ફાસ્ટ્રકચર ઉભુ કરીને વિકાસશીલ દેશો મોટાપાયે ઝડપી પ્રગતિ કરી શકે છે.તેમણે કહ્યુ કે આધાર યોજના અંતગર્ત એક અબજથી વધુ લોકોની નોંધણી થઇ ગઇ છે.આધાર કાર્ડની મદદથી બનાવટી લોકો અને ડુપ્લીકેશનથી બચી શકાય છે.૫૦ લાખ લોકોએ તેમનો આધાર નંબર બેન્ક ખાતા સાથે જોડી દીધો છે.સરકારે ૧૨ અબજ ડોલર જેવી જંગી રકમ ઇલેક્ટ્રોનિકલી સમયસર આ બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરી છે.નિલેકનીએ કહ્યુ કે ડેટા ઇકોનોમીના વિશ્વમાં સચોટ,ઓળખ, ખામી યુક્ત નાણાંકીય ચુકવણી, પેપરલેસ,ટ્રાન્ઝેકશન વગેરે બધું જ મહત્વના છે. ભારતે એ જ કર્યુ છે.

# ૩૨ હજાર કરોડના નકલી સ્ટેમ્પ કૌભાંડી તેલગીનું મોત

બનાવટી સ્ટેમ્પ પેપર બનાવીને વેચનાર કૌભાંડી તેલગીનું આખરે મોત નિપજ્યું હતું.સ્ટેમ્પ વેન્ડર તરીકે કર્ણાટકના ખાનપુર રેલવે સ્ટેશન તેણે પોતાની કારકીર્દીની શરુઆત કરી હતી.નકલી સ્ટેમ્પ પેપરનો તે માસ્ટર માઇન્ડ પુરવાર થયો હતો.તેલગીને ૨૦૦૧ની સાલમાં પકડવામાં આવ્યો હતો.બનાવટી સ્ટેમ્પ કૌભાંડમાં તેને ૩૦ વર્ષની સજા કરવામાં આવી હતી.બેગલુરની પારાપ્પાના અગ્રહારા સેન્ટ્રલ જેલમાં તે સજા ભોગવી રહ્યો હતો.કૌભાંડની તપાસમાં તે ૧૮ શહેરોમાં ૧૨૩ બેન્ક એકાઉન્ટ ધરાવતો હતો.કોર્ટે તેને દોષિત ઠરાવાયો હતો અને તેને રુ.૨૦૨ કરોડનો દંડ કરવામાં આવ્યો હતો.તેની સામે ૧૧ રાજ્યોમાં ૪૦ જેટલા કેસો કરાયા હતા.દેશમાં તેના અનેક એજન્ટો કામ કરતાં હતા.જે કમિશન લઇને કામ કરતા હતા. તપાસમાં પોલીસ અધિકારીઓ અને નેતાઓના નામ બહાર આવ્યા હતા.પરંતુ તેઓ કાયદાની પકડથી દુર રહ્યા હતા.

# નોટબંધીની તરફેણ કરતી તમામ દલીલો વાહીયાત પુરવાર થઇ છે : અરુણ શૌરી

અરુણ શૌરીએ કહ્યુ હતું કે આ અટકળો અને સપના પર ચાલતી સરકાર છે.મોદીને એક દિવસ રાતોરાત સપનું આવ્યું કે નોટબંધી કરવી જોઇએ અને કરી નાંખી તે ભલે હિંમતભર્યું પગલું હોય પણ આત્મઘાતી હતું.આપઘાત કરવો તે પણ એક હિંમતભર્યું પગલું છે.નોટબંધીનો બચાવ કરતી કોઇ દલીલ આજે ટકી શકી છે. બ્લેક મની તો તમામ વ્હાઇટ થઇ ગયા.ત્રાસવાદ તો ત્રાસવાદીઓ આજે પણ ભારતમાં આતંક મચાવી રહ્યા છે.તેમણે અમિત શાહની આકરા શબ્દોમાં ટીકા કરતાં કહ્યુ કે શું તેઓ પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રી છે.કારણકે તેઓ હાલની મંદીને ટેકનીકલ કારણોસરની મંદી કહે છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨



ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in

## બેન્ક ખાતાઓને આધાર સાથે જોડવા માટે ફરજ ન પાડો : બેન્ક સંગઠન ઓલ ઇન્ડીયા બેન્ક ઓફિસર્સ ફેડરેશન

બેન્ક કર્મચારીઓના એક સંગઠન ઓલ ઈન્ડીયા બેન્ક ઓફિસર્સ ફેડરેશન( એઆઈબીઓશી) બેન્ક ખાતાઓને આધાર નબર સાથે જોડવાનું અનિવાર્ય કરવા સામે વિરોધ કર્યો હતો.સંગઠને કહ્યુ હતું કે જ્યાં સુધી ઉચ્ચત્તમ ન્યાયાલય આધાર કાર્ડ અંગે આખરી ચુકાદો ન આપે ત્યાં સુધી ખાતાને આધાર નંબર સાથે જોડવાનું કામ સ્થગિત કરવું જોઈએ.દબાણપુર્વક એ કામ કરાવવું એ લોકતંત્રના આત્માની વિરુધ્ધ હોવાનુ કહ્યુ હતું.સંગઠને એક નિવેદન બહાર પાડીને જણાવ્યુ હતું કે સરકારે એ સ્પષ્ટ કરી દેવું જોઈએ કે આધાર કાર્ડ જોડવું એ સ્વેચ્છીક છે,નહી કે ફરજીયાત છે.એ ઉલ્લેખનીય છે કે રીઝર્વ બેન્કે કહ્યુ છે કે બેન્ક ખાતા સાથે જૈવિક ઓળખ નંબર આધારને જોડવું બંધારણીય રીતે અનિવાર્ય છે. અન્ય એક સંગઠન ઓલ ઈન્ડીયા બેન્ક એમ્પ્લોઇઝ એસો. બેન્કોને આધાર કેન્દ્ર શરુ કરવા નિર્દેશ મળતાં તેનો વિરોધ કર્યો હતો.

## વિરોધપક્ષો દેશભરમાં નોટબંધીને ૮મી નવેમ્બરે કાળા દિવસ તરીકે મનાવશે

કેન્દ્રની ભાજપ સરકારના નોટબંધીના નિર્ણયને ૮મી નવેમ્બરે એક વર્ષ પુરુ થઇ રહ્યુ છે.ત્યારે દેશના તમામ વિરોધપક્ષોએ નોટબંધીને આ સદીનું સૌથી મોટામાં મોટું કૌભાંડ ગણાવ્યુ છે. આ દિવસને દેશભરમાં કાળો દિવસ મનાવવા જાહેરાત થઇ છે.વિપક્ષો દ્વારા મોદી સરકારની આર્થિક નીતિ તેમજ નોટબંધીના નિર્ણય સામે દેશભરમાં વિરોધ પ્રદર્શનો અને દેખાવો કરાશે.મોદી સરકાર દ્વારા નોટબંધી કરાઇ અને તેમાં રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટો ચલણમાંથી રદ કરાઇ હતી. આ નિર્ણયને ઉતાવળે અને ખોટી દાનતથી લેવાયેલો ગણાવાયો હતો.૧૮ વિપક્ષો જુદા જુદા રાજ્યોમાં નોટબંધીના નિર્ણયનો વિરોધ કરશે.નોટબંધીને કારણે આમઆદમી ભારે મુશ્કેલીમાં મુકાયો હતો.વિપક્ષો આ મુદ્દે એકતાનું પ્રદર્શન કરશે.

## હરિયાણામાં ગાયો માટે પીજી હોસ્ટેલો બાંધવામાં આવશે ભાજપ : લોકો માટે ઘર નથી અને ગાયો માટે હોસ્ટેલ બાંધવી છે : ચૌટાલા લોકદળ

હરિયાણાની ભાજપ સરકારે ગૌરક્ષાના ભાગરુપે રાજ્યના મોટા શહેરોમાં ગાય અને ભંસ માટે પીજી હોસ્ટેલ બાંધવાનો નિર્ણય લીધો છે. મોટા મોટા શહેરોમાં ૫૦ થી ૧૦૦ એકર જમીનમાં આ પ્રકારની પીજી હોસ્ટેલ બાંધવામાં આવશે.જે લોકો પોતાના ધાર્મિક અધિકારોનો ઉપયોગ કરવા માંગે છે તેઓ આ રીતે ગૌસેવા કરી શકશે.હિસાર ખાતેથી આનો પાઇલટ પ્રોજેક્ટ શરુ કરાશે. જોવાની ખુબી એ છે કે હરિયાણામાં મહિલાઓની સુરક્ષાને કોરાણેમુકીને ગાયોની રક્ષા માટે આવું પગલું લેવામાં આવ્યુ છે.હજી તો બે ત્રણ મહિના પહેલા જ ઘાસચારાના અભાવે હરિયાણાની કેટલીંક પાંજરાપોળોમાં ગાયોના ભુખમરાને કારણે મોત થયા હતા. અને તેનો ભારે વિવાદ જાગ્યો હતો. ત્યારે રાજ્ય સરકાર અચાનક ગૌસેવાનો અને ગૌરક્ષાનો શોખ જાગ્યો છે. અને પીજી હોસ્ટેલ ખોલવાની વાત કરી છે.

જ્યારે લોકદળના નેતા અભય ચૌટાલાએ સરકારના આ નિર્ણયને હાસ્યાસ્પદ ગણાવ્યો હતો.તેમણે કહ્યુ હતું કે લોકોને રહેવા માટે ઘર નથી ને રાજ્ય સરકાર ગાયો માટે હોસ્ટેલો બાંધવાની વાતો કરે છે.અમે લોકોને પીજી તરીકે હોસ્ટેલમાં રહેતાં સાંભળ્યા છે પરંતુ ગાયોને પીજી હોસ્ટેલમાં રહે તે કેવું વિચિત્ર ગણાય.લોકોની માનસિકતા સાથે રમત કરવા ટેવાયેલી ભાજપી સરકારો છાસવારે મંદિર,ગાય અને હિંદુત્વના મુદ્દે જાત જાતના મુદ્દાઓ ઉભા કરે છે.

## મોદી મોંઘવારી,બેરોજગારી ઘટાડી ન શકતા હોય તો રાજીનામું આપે : રાહુલ ગાંધી

ભારતીય જનતા પાર્ટી અને મોદી સરકારની નીતિઓ પર આક્રમણ જારી રાખતાં કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ વડાપ્રધાનને ખોખલાં ભાષણો આપવાનું બંધ કરવા જણાવ્યુ હતું. રાહુલ ગાંધીએ ફરી એક વાર સોશ્યલ મીડીયા પર ટ્વીટ કર્યુ હતું કે મોંઘો ગેસ,મોંઘુ રાશન,બંધ કરો ખોખલા ભાષણો, દામ બાંધો, કામ આપો , નહિતર સિંહાસન ખાલી કરો. એટલે કે રાહુલ ગાંધીએ જણાવ્યુ હતું કે દેશમાં મોઘવારી બેફામ બની છે, લોકો પાસે રોજગાર નથી ત્યારે વડાપ્રધાને ખોખલા ભાષણો આપવાના બંધ કરી દેવા જોઈએ.



વડાપ્રધાન મોદી મોંઘવારી નિયંત્રણમાં લે,બેરોજગારને નોકરીઓ આપે. જો તેમ ન કરી શકતા હોય તો તેમણે રાજીનામું આપી દેવું જોઈએ.

જવાબમાં ભારતીય જનતા પાર્ટીના પ્રવક્તા સમ્બિત પાત્રાએ ટ્વિટ કર્યુ હતું કે કોંગ્રેસે દેશને લુટયો હતો તેનું શાસન ભ્રષ્ટ હતું. જનતા કોંગ્રેસ પાસે જવાબ માંગે કે તેમનો શહેનશાહ મૌન હતો.નોકરી નહોતી કે રાશન પણ નહોતું. ત્યારે કોંગ્રેસના શહેજાદાને સિંહાસનો અધિકાર છે ખરો?

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## કોંગ્રેસ ઉપાધ્યક્ષે નાણાંમંત્રી અરુણ જેટલીનું અર્થતંત્ર આઇસીયુમાં છે કહી આકરા પ્રહારો કર્યા



જીએસટી અને નોટબંધી પર ફરી એક વાર કેન્દ્રીય નાણાંમંત્રી અરુણ જેટલીને આડે હાથ લેતાં રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે મોદી સરકારના બે આર્થિક સુધારાને કારણે ભારતીય અર્થતંત્ર આઇસીયુમાં પહોચી ગયું છે.રાહુલ ગાંધીએ એક ટ્વિટમાં જણાવ્યુ હતું કે ડો.જેટલી નોટબંધી અને જીએસટી ને કારણે અર્થવ્યવસ્થા આઈસીયુમાં છે. તમે કહો છો કે આપ કીસી સે કમ નહીં પરંતુ આપ કી દવામે ભી દમ નહીં. અર્થતંત્રને ઉગારવા માટે તમે આપી રહ્યા છો તે દવા અસરકારક સાબિત થઇ રહી નથી. રાહુલ ગાંધીનું આ ટ્વિટ સોશ્યલ મીડીયા પર ઘણું વાયરલ થયું છે. હજારો લોકોએ તેને રીટિવટ કર્યુ છે.અને હજારો લોકો તેના પર કોમેન્ટ કરી રહ્યા છે.

આ ટ્વિટ દ્વારા રાહુલ ગાંધી એમ કહેવા માંગતા હતા કે મોદી સરકારના આર્થિક સુધારાને કારણે દેશના અર્થતંત્રને નુકશાન એટલું બધુ થયું છે કે તેને ઉગારવાની પ્રક્રિયા અત્યંત પીડાદાયક અને ધીમી રહેશે.નાજુક સ્થિતિમાં રહેલા દર્દીઓને આઇસીયુમાં સારવાર અપાય છે જે ઘણી પીડાદાયક અને ધીમી હોય છે.રાહુલ ગાંધી છેલ્લા ૧૫ દિવસથી મોદી સરકારની આર્થિક નીતિઓ પર આક્રમકતાથી સવાલો કરી રહ્યા છે.

## હાઇકોર્ટની અવમાનના કરીને રાજસ્થાન સરકારે ઓબીસી ક્વોટા ફાળવતું સુધારા બીલ પસાર કરી દીધું

રાજસ્થાનમાં ગુર્જર સહિત પાંચ જાતિઓને ઓબીસી ક્વોટા ફાળવતું ઓબીસી સુધારા બીલ વિધાનસભામાં પસાર કરવામાં આવ્યુ હતું.ખરડાને ચર્ચા બાદ બહાલી આપવામાં આવી હતી.રાજસ્થાન સરકારે આ બિલ પસાર કર્યા પહેલા ઓબીસી ક્વોટા ૨૧ ટકા હતો. ગુર્જર અને અન્ય ચાર જાતિઓને પાંચ ટકા અનામત અપાતાં ઓબીસી ક્વોટા નવા સુધારા પ્રમાણે ૨૬ ટકા થયો છે.ગુર્જર સહિત પાંચ જાતિઓને પાંચ ટકા અનામત આપવા માટે ચોથી વખત નવુ વિધેયક પસાર કરવામા આવ્યુ હતું.

રાજસ્થાન વિધાનસભામાં આ ખરડો રજુ કર્યો હતો. ખરડો રજુ થવાથી રાજસ્થાન હાઇકોર્ટે સરકારની ઝાટકણી કાઢી હતી.કોર્ટે મુખ્ય સચિવને અવમાનનાની નોટીસ પણ પાઠવી હતી. કોર્ટે સરકારે જણાવ્યુ હતું કે તેઓ ઓબીસીનો ક્વોન્ટિફાઇડ ડાટા રજુ કરે પછી આગળની કાર્યવાહી કરે.સરકારે કોર્ટની વાત ધ્યાને લીધા વગર જ ખરડો પસાર કરી દીધો હતો.કોર્ટે આ મુદ્દે ટકોર કરી હતી કે અત્યાર સુધીમાં સરકારને ઘણી વખત સુચનો કરવામાં આવ્યા છે. અને આદેશ આપવામાં આવ્યા છે. સરાકર કોર્ટના આદેશોને દરકિનાર કરીને મનમાની કરી રહી છે.

સરકાર જણાવી રહી છે કે નોટિફિકેશન દ્વારા અનામતની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.સરકારે આ મુદ્દે જણાવ્યુ કે વર્ષ ૧૯૯૪માં જાતિઓની સંખ્યા ૫૪ હતી. પણ હવે વધીને ૯૧ થઇ ગઇ છે. તેના સરેરાશમાં અનામત વધારવી પડે તેવી સ્થિતિ છે.૧૯૩૧ની વસતી ગણતરી પ્રમાણે રાજસ્થાનમાં કુલ ૪૯ ટકા અનામત હતી તેને હવે વધારવાનો સમય પાકી ગયો છે.

જો કે આ મુદ્દે સરકાર અને કોર્ટ બેઉ વચ્ચે ગજગ્રાહ થઇ શકવાની સંભાવનાઓ વધી ગઇ છે. રાજસ્થાન સરકારને કોર્ટ સાથે કોઇ સુચારુ વ્યવસ્થાનું આયોજન કરવું પડશે અન્યથા ઘર્ષણમાં ઉતરવું પડશે.જ્યારે સરકારને જાતિઓ સામે અનામતના મુદ્દે વારંવાર તકલીફોનો સામનો કરવો પડે છે અને નુકશાન વેઠવું પડે છે.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# એન્ટી ઇમિગ્રેશનની અમેરિકાની નીતીઓને કારણે નોકરી માટે ભારતીયોની પસંદગીમાં ૪૦ ટકાનો ઘટાડો

અમેરીકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની એન્ટી ઇમીગ્રેશન નીતિઓ અને બ્રિટને યુરોપીયન યુનિયનમાંથી એકઝીટ લેવાનો નિર્ણય કરતાં આ બંને દેશોમાં ભારતીયોનો ધસારો ઓછો થઇ ગયો છે.નોકરી માટે આ દેશોમાં જતા ભારતીયોની સંખ્યા ઘટી છે.અમેરિકામાં નોકરી માટે જતા ભારતીયોની સંખ્યામાં ૪૦ ટકાનો ઘટાડો નોધાયો છે જ્યારે બ્રિટનમાં જતા ભારતીયોની સંખ્યામાં ૪૨ ટકાનો ઘટાડો જોવાયો છે.સપ્ટે. ૨૦૧૬ થી ઓક્ટો.૨૦૧૭ સુધીમાં અમેરિકા અને બ્રિટન જતા લોકોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે.તેની આગળના વર્ષની સરખામણીમાં આ ઘટાડો નોધાયો છે.એકંદરે જોઇએ તો આ દેશોમાં નોકરી જતા ભારતીયોની સંખ્યામાં ૫ ટકાનો ઘટાડો નોધાયો છે.

બીજી તરફ રાજકીય સ્થિતિ એવી થઇગઇ છે કે વિકસિત દેશોમાંથી ઘણા લોકો ભારતમાં નોકરી માટે આવવા લાગ્યા છે.તેની સંખ્યામાં ૨૫ ટકા જેટલો વધારો નોધાયો છે.અને તેમાંથી ૧૭૦ ટકા લોકોને ભારતમાં નોકરીઓ મેળવવી છે.

# સ્વતંત્રતા સંગ્રામનો ઇતિહાસ બદલાશે

સ્વતંત્રતા સંગ્રામ નો પહેલો બળવો ૧૮૧૭માં થયો હતો.સરકાર દ્વારા હવે વર્ષો બાદ જુના ઇતિહાસને બદલવા માટે મહત્વનું પગલું લેવામાં આવી રહ્યું છે.કેન્દ્ર ના માનવ સંશાધન મંત્રી પ્રકાશ જાવડેકરે કહયુ હતું કે આવતા વર્ષથી ઇતિહાસના પાઠ્ય પુસ્તકોમાં ૧૮૧૭માં થયેલા પાઇકાના બળવાને દેશના પહેલાં સ્વતંત્રતા સંગ્રામ તરીકે સમાવાશે અને ભણાવાશે.અત્યાર સુધી ૧૮૫૭ની ક્રાંતિને દેશના પહેલા સ્વતંત્રતા સંગ્રામ તરીકે ભણાવવામાં આવતો હતો.જાવડેકરે પાઇકા વિદ્રોહને ૨૦૦ વર્ષ થઇચ રહ્યા છે ત્યાતે તેની ઉજવણીના કાર્યક્રમના સંદર્ભમાં આવી જાહેરાત કરી હતી.સરકાર આ ઉજવણી માટે રુ.૨૦૦ કરોડ આપશે.સરકારના આ નિર્ણય પછી અંગ્રેજો સામેના પાઇકાના બળવાને પહેલો સ્વતંત્રતા સંગ્રામ ગણવામાં આવસે.

# રાષ્ટ્રપતિએ ટીપુ સુલતાનને અંગ્રજો સામેની લડાઇમાં શહીદ થયા હોવાનો મત પ્રગટ કર્યો

ભાજપના એક નેતાએ ટીપુ સુલતાનને બળાત્કારી,હત્યારો ગણાવ્યો હતો.જયારે તાજેતરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જણાવ્યુ હતું કે ટીપુ સુલતાન અંગ્રેજોની સામે લડતાં લડતાં બહાદુરો જેવી મોતને ભેટ્યા હતા.ટીપુ સુલતાને યુધ્ધમાં મૈસુર રોકેટનો ઉપયોગ શરુ કર્યો હતો.જે આજે પણ પ્રેરણાસ્રોત્ર છે.અત્રે નોંધપાત્ર એ છે કે કેન્દ્ર સરકારના એક પ્રધાન અનંતકુમાર હેગડેએ ટીપુ સુલતાનને હત્યારો,બળાત્કારી જણાવ્યો હતો. અને કર્ણાટક સરકારના ટીપુ જયંતિના સમારંભમાં આમંત્રણ નહી આપવા જણાવ્યુ હતું.૧૦ નવેમ્બર ટીપુ સુલતાનની જયંતી ઉજવાશે.રાષ્ટ્રપતિ કોવિંદે કર્ણાટક રાજ્ય વિધાનસભા અને વિધાનપરિષદની સંયુક્ત બેઠકમાં ઉપર જણાવેલા વિચારો વ્યક્ત કર્યા હતા.તેમણે ભાજપના નેતાના નિવેદનનો વિરોધ કરતાં કહ્યુ હતું કે ટીપુ તો ટાઇગર ઓફ મૈસુર હતો.જેમણે આઝાદીની લડત કે ચળવળમાં ભાગ લીધો જ નહોતો તે અંગ્રજોની સામે લડાઇમાં શહીદ થનારની શહાદતની ટીકા કરે છે.તેમણે તેમની પાર્ટીનો ઇતિહાસ ચકાસવો જોઇએ કે તેમણે શું કર્યુ હતુ.

લુઇ સોળમા સામે ફ્રાંસમાં ક્રાંતિ થઇ હતી.તે સમયે એક શહીદની પુત્રીના ચિત્રના સોથબીન લીલામમાં સાઇઠ લાખ ડોલર ઉપજ્યા હતા.

સાઉદીમાં એક સ્ત્રીએ પોતાના પતિને દેખતો કરવા પોતાની એક આંખ આપી હતી, પછી પતિને એક આંખવાળી પત્ની ન ગમવાથી તેણે બીજા લગ્ન કર્યા હતા.


**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૦૮૦૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# હિંદુ આતંકવાદ આજે પણ જીવંત છે અને તામિલનાડુમાં વેગ પકડી રહ્યો છે : કમલ હસન

દક્ષિણ ભારતના અભિનેતા કમલ હસને હિંદુ આતંકવાદનો મુદ્દો ઉઠાવીને લખ્યુ હતું કે હિંદુ આતંકવાદ આજે પણ જીવંત છે.અને તામિલનાડું માં વેગ પકડી રહ્યો છે.હિંદુ સંગઠનો રાજયના તહેવારોને મસલ પાવર અને હિંસાના પ્રદર્શનમાં ફેરવી રહ્યા છે.તામિલનાડુમાં હિંદુ ઉગ્રવાદ પ્રવર્તી રહ્યો છે.તમે એમ કહી શકોનહીં કે હિંદુ આતંકવાદ જેવું કશું નથી. જો કે ભાજપે કમલ હસનના લેખને બેજવાબદાર,બદઇરાદાભર્યો ગણાવી આરોપ પુરવાર કરવા પડકાર ફેંક્યો હતો.ભાજપ પ્રવકતા નારાયણ તીરુપતિએ જણાવ્યુ હતું કે કમલ હસન જેવા સુપર સ્ટારે જવાબદારી ભર્યા નિવેદનો કરવા જોઇએ.કાં તો કમલ હસને પુરાવા આપવા જોઇએ.અથવા તો માંફી માંગે .

સંઘના રાકેશ સિંહાએ કહ્યુ હતું કે તામિલનાડુમાં મુસ્લીમ સંગઠનો પીએફઆઇ અને અલ-ઉમાનીથી પ્રભાવિત થઇને કમલ હસને હિંદુ આતંકવાદની વાતો કરી રહ્યા છે.હિંદુ સભ્યતાના અપમાન અને લાગણી દુભાવવા માટે કમલ હસને માંફી માંગવી જોઇએ તેઓ લાગણીઓ ભડકાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે.જ્યારે એનઆઇએ પીએફઆઇ પર પ્રતિબંધની તૈયારી કરી રહી છે ત્યારે હિંદુ આતંકવાદનો મદ્દો ઉઠાવી કમલ હસન તેને બચાવવા પ્રયત્ન કરી રહ્યા છે.

જો કે ભુતકાળમાં કોંગ્રેસના તત્કાલિક મંત્રી ચિદમ્બરમે કેસરીયા આતંકવાદનો મુદ્દો ઉપસ્થિત કરીને સંઘ અને તેમની સંસ્થાઓ સામે આંગળી ચીંધી હતી.

# દક્ષિણ ભારતીય અભિનેતા પ્રકાશ રાજે કમલ હસને હિંદુ આતંકવાદનો વિવાદિત મુદ્દા પર કરેલ ટિપ્પણી પર ટ્વીટ કર્યું

દક્ષીણ ભારતના સુપર સ્ટાર કમલ હસને હિન્દુ આતંકવાદનો વિવાદિત મુદ્દો ઉઠાવ્યા બાદ હવે પ્રકાશ રાજે પણ એવીજ ટિપ્પણી કરી છે. પરોક્ષ રીતે ભાજપ અને હિન્દુવાદી સંગઠનો પર નિશાન તાકતાં પ્રકાશ રાજે ટ્વીટ કર્યુ હતું કે જો સંપ્રદાય,સંસ્કૃતિ અને નૈતિકતાના નામ કોઇને આતંકિત કરવાની વાત નતી તો બીજું શું છે ? આ ટ્વીટ બાદ પ્રકાશ રાજ વિવાદમાં ઘેરાઇ શકે છે.આ અગાઉ રાજનીતિમાં આવવાની તૈયારી કરી રહેલા કમલ હસને એક તામિલ મેગેઝિન માટે લખેલા લેખમાં કહ્યુ હતું કે રાઇટ વિંગે હવે મસલ પાવરનો ઉપયોગ કરવાનો શરુ કરી દીધું છે.તેણે આરોપ લગાવ્યો હતો કે હિન્દુ કેમ્પોમાં આતંકવાદ ઘુસી ચુક્યો છે.પ્રકાશ રાજે ટ્વીટ કરીને કહ્યુ હતું જો મારા દેશના માર્ગો પર યુવા કપલ્સ સાથે નૈતિકતાના નામે ગેરવર્તન કરવું એ આતંકિત કરવાની વાત નથી, ગૌહત્યાના મામલે શંકાના આધારે કાયદો હાથમાં લઇને લોકોને મારપીટ કરીને માંરી નાંખવા, કોઇને ટ્રોલિંગ કરવા, ગાળો આપવી અને થોડી અસંમતિ પર ચુપ રહેવાની ધમકી આપવી એ આતંકિત કરવાની વાત નથી તો બીજું શું છે ?

હવે વારાણસીમાં કમલ હસનની વિરુધ્ધ ધાર્મિક લાગણીઓને ઠેસ પહોચાડવાના મુદ્દે બદનક્ષીનો કેસ નોંધવામાં આવે છે.તામિલનાડુમાં ઘટના ઘટી અને કેસ યુપીમાં નોધાયો છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# કેથોલિક સિસ્ટર રાની મારિયાને પુનિત પંક્તિમાં મુકાશે

ફ્રાન્સિસ્કન કલારિસ્ટ સંઘના સાધ્વી સિસ્ટર રાની મારીયાને ઇન્દોર ખાતે પુનિત પંક્તિમાં મુકવાનું નક્કી કરવામાં આવ્યું હતું.ભારતની કેથોલિક ધર્મસભા માટે આ એક આનંદનો દિવસ હશે.પુનિત પંક્તિના આ સમારોહ અંતર્ગત રોમથી સંતોની પંક્તિમાં મુકવાની કાર્યવાહી સંભાળતા પંચના વડા કાર્ડિનલ આંજેલો આમાતોના હસ્તે તથા ભારતના ચાર કાર્ડિનલ તેમજ ૫૦ ધર્માધ્યક્ષો,સેંકડો પુરોહિતો,સાધ્વીઓ અને ધર્મજનો આ પ્રસંગે હાજર રહેશે.

ફ્રાન્સીસ્કન કલારિસ્ટ સંઘના સાધ્વી રાની મારીયા વિત્તાલીલની ૨૫ ફેબ્રુઆરી ૧૯૯૫માં હત્યા કરવામાં આવી હતી.પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર મધ્યપ્રદેશના ઉદયનગર પાસેના જંગલમાં બસના ૫૦ મુસાફરોની સામે રાની મારીયા સમંદરસિંઘ નામના હત્યારાએ ચાકુના ૫૪ ઘા મારીને હત્યા કરી હતી.

સિસ્ટર રાની મારીયાને પુનિત પંક્તિમાં સામેલ કરીને કેથોલિક ચર્ચના વડાધર્મગુરુ નામદાર પોપ ફ્રાંસીસ એ જાહેર કરવા માંગે છે કે સી.સાની મારીયાનું જીવન એક અનુકરણીય શહાદતની સાક્ષી છે.સિસ્ટર રાની મારીયાના હત્યારા સમંદરસિંઘે ૨૦૧૦માં કહ્યુ હતું કે હું કહી શકતો નથી કે સિસ્ટરની હત્યા કરવા માટે મને મજબુર કરાયો હતો.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.